# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૯/૬/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# કેન્સરના દર્દીઓને બચાવવા માટે કારગત નીવડતી ‘ઇમ્યુનોથેરાપી’ વિશે ચેમ્બરમાં અવેરનેસ સેશન યોજાયુ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવારે, તા. ૨૯ જૂન, ૨૦૧૯ના રોજ સાંજે ૫:૦૦ કલાકે નાનપુરા સમૃદ્ધિ ખાતે અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મુખ્ય મહેમાન તરીકે ભરત કેન્સર એન્ડ નિરાલી મેમોરીયલ રેડીએશન સેન્ટરના ટ્રસ્ટી શ્રી મહેન્દ્ર કતારગામવાલા ઉપસ્થિત રહયા હતા. સેશનમાં નિષ્ણાંત વકતા તરીકે સુરત રકતદાન કેન્દ્ર એન્ડ રિસર્ચ સેન્ટરના ડેપ્યુટી ડાયરેકટર ડો. નરેન્દ્ર વસાવડા અને આસિસ્ટન્ટ ડાયરેકટર ડો. કંચન મિશ્રાએ કેન્સરના દર્દીઓને બચાવવા માટે ઇમ્યુનોથેરાપી કઈ રીતે કારગત સાબિત થઇ રહી છે તે દિશામાં માહિતીપ્રદ વકતવ્ય રજૂ કરી માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના વડા શ્રી મૃણાલ શુકલએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધન કર્યુ હતુ. ચેમ્બરની ઇન્ડસ્ટ્રી ૪.૦ કમિટીના ચેરમેન ડો. કર્નલ પટેલે કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

સેશનમાં મુખ્ય મહેમાન શ્રી મહેન્દ્રભાઇ કતારગામવાલાએ જણાવ્યુ હતુ કે, કોઇપણ વ્યકિત કે ગૃપ ઇન્ડસ્ટ્રીઝને ચલાવે છે. આથી આપણે આરોગ્યને લગતા કામ કરીશું તો લોકો પણ સારા રહેશે અને ઇન્ડસ્ટ્રીઝ ચાલશે. તેમણે અત્યાધુનિક મશીનરી દ્વારા ભરત કેન્સર હોસ્પિટલમાં કેન્સરના દર્દીઓને આપવામાં આવતી સારવારની માહિતી આપી હતી. લોકોને ઓછા ખર્ચે સારામાં સારી સારવાર મળી રહે તે માટે પ્રયાસ કરવા ઇન્ડસ્ટ્રીઝના લોકોને તેમણે અનુરોધ કર્યો હતો.

ડો. નરેન્દ્ર વસાવડાએ જણાવ્યુ હતુ કે, કેન્સરના દર્દીઓ માટે અત્યાર સુધી એક્ષ્ટર્નલ ટ્રીટમેન્ટ થતી હતી પણ હવે દર્દીના શરીરમાંથી જ દવા મેળવવાનું કામ થઇ રહયુ છે. કેન્સર પીડિત દર્દીના શરીરમાંથી સેલ કાઢીને તેને જનરેટ કરી પાછા દર્દીના શરીરમાં નાંખીને કેન્સર સામે લડવાની ટ્રીટમેન્ટ થઇ રહી છે.

ડો. કંચન મિશ્રાએ કેન્સરના દર્દીઓને બચાવવા માટે ઉપયોગી થઇ રહેલી ઇમ્યુનોથેરાપી વિશે સમજણ આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, કીમોથેરાપી અને રેડીએશન થેરાપી દ્વારા કેન્સરના જે દર્દીઓ સારા થઇ શકતા નથી એવા દર્દીઓ માટે ઇમ્યુનોથેરાપી કારગત સાબિત થઇ રહી છે. કેન્સરના દર્દીના શરીરમાંથી ડેન્ડ્રાઇટીક સેલને લેવામાં આવે છે અને લેબોરેટરીમાં તેને વધારે મજબુત બનાવવામાં આવે છે. આ સેલને ફરીથી કેન્સરના દર્દીના શરીરમાં નાંખવામાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ડેન્ડ્રાઇટીક સેલ એ શરીરમાં રહેલા ટી સેલને કેન્સરના સેલને શોધવાની સૂચના આપે છે. આ ઉપરાંત ડેન્ડ્રાઇટીક સેલ એ શરીરમાં નેચરલ કીલર સેલ (એનકે) બનાવે છે અને તેઓ કેન્સરના સેલને ઓળખીને મારે છે. આ સેલ શરીરમાં રહેલા હેલ્ધી સેલને નુકસાન પહોંચાડતા નથી. માત્ર કેન્સરના જ સેલને મારે છે.

તેમણે વધુમાં કહયુ કે, ડેન્ડ્રાઇટીક સેલ દરેકના શરીરમાં હોય છે. દર્દીના જ શરીરમાંથી તેને લઇને એકટીવ કરવામાં આવતો હોવાથી દર્દીને કોઇ આડઅસર પણ થતી નથી. આ સેલ ટાર્ગેટ સ્પેસીફીક હોય છે અને સંતાયેલા કેન્સરના સેલને શોધીને તેને મારવાનું કામ કરે છે.

આ અવેરનેસ સેશનમાં ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના કન્વીનર શ્રી સંજય ગજીવાલા અને ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ સિકયુરીટી કમિટીના ચેરમેન શ્રી ચેતન શેઠે પ્રાસંગિક વિધી કરી હતી. નિષ્ણાંત વકતાએ લોકોના સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. ચેમ્બરની ઇન્ડસ્ટ્રી ૪.૦ કમિટીના કો – ચેરમેન શ્રી તેજેશ પટેલે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.